# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૦૮



**રાગ તેના ક્રમમાં આવનારો આવશે ને તેને જાણનારું જ્ઞાન તેના ક્રમમાં આવવાનું હોય તે આવશે. પોતાની પણ જે પર્યાય થવાની તેને ફેરવવાનું તેનું સામર્થ્ય નથી — આ વીતરાગતા!**

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* અગ્નિના સંયોગથી જેમ જળ તપ્તાયમાન થાય છે તેમ દેહના સંયોગથી (મમત્વથી) અનંતકાળથી આત્મા તપ્તાયમાન થઈ રહ્યો છે—એમ જાણીને કલ્યાણર્થી મુનિજનો દેહથી પણ મમત્વ તજી શીતલ (આનંદરૂપ) થાય છે. ૧૦૪૨.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક- ૨૫૮)*

* જે મુનિઓના ધ્યાનરૂપી અગ્નિથી પ્રજ્વલિત હૃદયમાં ત્રિલોકવિજયી કામદેવને પણ બળતો જોઈને અતિશય ભયભીત થયેલાં કષાયો એવી રીતે નષ્ટ થઈ ગયા કે તેમાં ફરીથી પ્રવેશી ન શક્યાં, તે મુનિઓ જયવંત વર્તે છે. ૧૦૪૩.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.- ૧, શ્લોક- ૫૭)*

* જિનેશ્વરનું વચન જ ઔષધ છે. આ ઔષધના સેવનથી ઇન્દ્રિયસુખની ઇચ્છારૂપી મળ નીકળી જાય છે. આ જિનવચનરૂપી ઔષધ અમૃત સમાન છે. તેનાથી આત્મામાં સર્વાંગ અપૂર્વ સુખની પ્રાપ્તિ થાય છે. વૃદ્ધાવસ્થા તથા મરણરૂપી વ્યાધિઓથી ઉત્પન્ન થયેલ વેદનાઓનો નાશ થાય છે તથા સર્વ દુઃખોનો આ જિનવચનરૂપી ઔષધ નાશ કરે છે. તેથી, મુનિરાજ આ ઔષધનું સેવન કરે છે. ૧૦૪૪

*(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અનગાર ભાવના, ગાથા- ૭૬)*

* સમ્યક્ત્વસહિત જીવને તો વિઘ્ન પણ ઉત્સવ સમાન છે અને મિથ્યાત્વસહિત જીવને પરમ ઉત્સવ હોય તોપણ તે મહા વિઘ્ન છે. ૧૦૪૫

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા, ગાથા- ૮૫)*

* અનુપમ અને અદ્વિતીય એવી વાત છે કે નિત્ય-નિગોદવાસી અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો પણ ભરત ચક્રવર્તીના નવસો ત્રેવીસ પુત્રો કર્મોની નિર્જરા કરવાથી ઇન્દ્રગોપ થયા અને તેમના સમૂહ ઉપર ભરતના હાથીએ પગ મૂક્યો તેથી તે મરીને વર્ધનકુમાર વગેરે ભરતના પુત્રો થયા. તેઓ કોઈની સાથે બોલતાં ન હતાં. તેથી ભરતે સમવસરણમાં ભગવાનને પૂછ્યું ત્યારે ભગવાને તેમનું પૂર્વવૃત્તાંત કહ્યું. તે સાંભળીને તેમણે તપનું ગ્રહણ કર્યું અને બહુ થોડા સમયમાં મોક્ષ પામ્યા. ૧૦૪૬.

*(શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા- ૩૫ની ટીકામાંથી)*

* લક્ષ્મીસહિત ચિંતામણિ, દિવ્ય નવનિધિ, કામધેનુ તથા કલ્પવૃક્ષ—આ બધા ધર્મના અનાદિકાળથી સેવક છે તેમ હું માનું છું. ૧૦૪૭.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, ધર્મભાવના, શ્લોક- ૪)*

*

વર્ષ-૨
અંક-૧૧




સંવત
૨૦૬૪
July
A.D. 2008

આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# બધા જીવ ભગવાન છે તેમ દેખ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.-૧૪૩)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦૨ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે જે જીવને જ જાણે છે પણ તેના લક્ષણને જાણતાં નથી તે જ દેહના ભેદથી જીવોમાં ભેદ પાડે છે.

ગાથાદીઠ ભિન્ન ભિન્ન વાત કરીને સમજાવ્યું છે.

देह-विभेयइं जो कुणइ जवई भेउ विचित्तु।
सो णवि लक्खणु मुणइ तहें दंसणु णाणु चरित्तु॥१०२॥

અર્થ :—જે શરીરના ભેદથી જીવોમાં અનેકરૂપ ભેદ કરે છે તે, જીવના દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણને જાણતાં નથી અર્થાત્ તેમને ગુણોની પરીક્ષા નથી.

આત્માને તેના દર્શન-જ્ઞાન-ચારિત્ર લક્ષણથી ઓળખવો જોઈએ. બ્રાહ્મણ, ક્ષત્રિય આદિથી આત્માને ઓળખે છે તે આત્માનું લક્ષણ નથી.

ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમદેવે આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર લક્ષણવાળો કહ્યો છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ જીવનું લક્ષણ નથી. જીવ તો ગમે તેટલી ઈન્દ્રિય વચ્ચે પણ જ્ઞાનસ્વરૂપી જ છે. દેહ, ઈન્દ્રિય, જાતિ આદિ તો જીવને મળેલો સંયોગ છે. માટે દેહથી કે ઈન્દ્રિય કે જાતિ કે વર્ણભેદથી આત્માનું સ્વરૂપ ઓળખી શકાતું નથી. દેહ-ઈન્દ્રિય આદિ વ્યવહારનયના વિષય છે તે આત્માથી ભિન્ન છે.

ભગવાન આત્માને અંતરમાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ ગુણોથી ઓળખી શકાય છે. એ ગુણોથી જ આત્માની મોટાઈ છે-કિંમત છે. જ્ઞાતિભેદ કે વર્ણભેદ આદિથી આત્માની મોટાઈ નથી. તેથી દેહ, ઈન્દ્રિય, જ્ઞાતિ આદિથી જીવમાં ભેદ પાડે છે તેને જીવના લક્ષણરૂપ ગુણોની પરીક્ષા એટલે કે ઓળખાણ નથી.

ભાવાર્થ :—દેહની એકત્વબુદ્ધિનું મૂળ કારણ—પોતાના મૂળ સ્વભાવમાં એકત્વબુદ્ધિનો અભાવ હોવાથી દેહ આદિ સંયોગોમાં પોતાનું એકત્વ કરીને બડાઈ કરે છે. દુનિયા મને મોટો માને, મારી કીર્તિ થાય.....એવી બધી ઈચ્છામાં મૂળ કારણ શરીરમાં એકત્વબુદ્ધિ છે.

પોતાનો લાભ તો જ્ઞાનસ્વરૂપ આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રમાં છે તે લાભ લેવાને બદલે દેહની મમતાના કારણે, દેહથી મને લાભ થાય.....એમ અજ્ઞાની માની રહ્યો છે એવી એને ઊંધી માન્યતા અંદરમાં પડી છે.

શ્રોતા :—નિગોદમાં પણ એવી માન્યતા હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. નિગોદમાં પણ અવ્યક્તપણે એવી માન્યતા પડી છે. તેથી તો સમયસારની ચોથી ગાથામાં કહ્યું કે સર્વ જીવને કામ, ભોગ, બંધનની કથા તો શ્રુત, પરિચિત અને અનુભૂત છે. સર્વ જીવમાં નિગોદના જીવ પણ આવી ગયા. બટાટામાં, લીલફૂગમાં એક એક શરીરમાં અનંત જીવ રહેલાં છે. તે સ્વભાવની ભાવના રહિત, રાગમાં એકત્વની ભાવનામાં પડ્યા છે તેને કામ-ભોગની કથાના વાચ્યનો જ અનુભવ થઈ રહ્યો છે. સમજાયું! કામ-ભોગની કથા તો વાચક છે તેનું વાચ્ય એ છે કે સર્વ અજ્ઞાની જીવ અંતરમાં કામ-ભોગનો અનુભવ કરી રહ્યા છે.

અનાદિથી ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યના લક્ષ અને દૃષ્ટિથી ભ્રષ્ટ છે અને તેથી તે રાગ-વિકાર-વિભાવની એકાગ્રતામાં પડ્યો છે તો એણે કામ ભોગને જ ભોગવ્યા છે તેથી એમ કહેવાય કે નિગોદથી લઈને દ્રવ્યલિંગી મુનિ સુધીના દરેક અજ્ઞાની જીવે કામ, ભોગ, બંધનની કથા જ સાંભળી છે, તેનો જ પરિચય કર્યો છે અને તેનો જ અનુભવ કર્યો છે. રાગનો કર્તા થાય છે અને વિકલ્પનો ભોક્તા થાય છે એ જ કામ અને ભોગ છે.

ભગવાન તીર્થંકર પરમાત્માની વાણીમાં આવ્યું કે ભાઈ! કામ-ભોગ-બંધનની કથા તેં સાંભળી છે. કામ એટલે ઈચ્છા, રાગનું કરવું, કષાયનું કરવું અને ભોગ એટલે તેનું ભોગવવું. આવા કામ અને ભોગ જ તેં ભોગવ્યાં છે. ભગવાન આત્માની વિરુદ્ધની ઈચ્છા

અને તેનું વેદન એ કામ-ભોગને જ તેં ભોગવ્યા છે. કદી જીવે પડખું એટલે કરવટ બદલી જ નથી. ચૈતન્ય ભગવાન, એક સમયમાં જેવા ભગવાન થઈ ગયા એ જ જાતનો આત્મા છે, તે પૂર્ણ જ્ઞાન-દર્શનલક્ષણવાળો છે પણ તેને નહિ ઓળખીને દેહને જ આત્મા માનીને તેમાં રાગ કર્યો છે, તેનાથી મોટાઈ માની છે અને તેના જ ભોગ ભોગવ્યાં છે.

દેહ અને રાગ જ મારું લક્ષણ છે એમ માનીને તેમાં જ મમત્વ કર્યું છે. દેહની મોટાઈથી પોતાની મોટાઈ માની છે અને તેમાં જ રાગ-દ્વેષ કર્યા છે પણ શરીર અને વિકલ્પમાત્રથી વિભક્ત અને જ્ઞાન-દર્શનાદિ સ્વભાવથી એકત્વ એવા અનેકાંતસ્વરૂપ આત્માને કદી જાણ્યો નથી. વિભાવમાં જે એકત્વ કર્યું છે, તેનો જ પરિચય કર્યો છે, તેનો જ અનુભવ કર્યો છે.

ભગવાન આત્માની ખ્યાતિ, તેનો લાભ એ તો ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. તે તો સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા વડે થાય છે પણ તેને છોડીને અને શરીરની મમતા તથા તેની ખ્યાતિ, પૂજા, લાભરૂપ આર્ત-રૌદ્રધ્યાનને ધ્યાવીને અજ્ઞાની જીવ કર્મોનું ઉપાર્જન કરે છે. સ્વભાવના આશ્રયે કદી કર્મ બંધાતા નથી. કર્મબંધનમાં નિમિત્ત થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. જો નિમિત્ત થવાનો સ્વભાવ હોય તો તો કાયમ રહે અને તો જીવ કદી મુક્ત જ ન થાય પણ એવું નથી. જીવનો સ્વભાવ કર્મબંધનમાં નિમિત્ત થવાનો નથી. અજ્ઞાનભાવે પર્યાયમાં જે વિકાર થાય છે તે કર્મબંધનમાં નિમિત્ત થાય છે.

સમયસારમાં ૧૦૫ ગાથામાં આવે છે કે આત્મા ખરેખર સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત થતાં એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી કર્મ ઉત્પન્ન થાય છે તેથી કર્મ આત્માએ ઉત્પન્ન કર્યા એવો ઉપચાર આવે છે. નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓ આવો ઉપચાર કરે છે પણ તે ખરેખર પરમાર્થ નથી, ઉપચાર જ છે.

લોકો બહારથી માને છે એવો વીતરાગમાર્ગ નથી.

શ્રોતા :—અજ્ઞાનીની ભૂલ પણ ક્ષણિક છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, પણ એ ક્ષણિક ભૂલનું સ્વરૂપ જાણવું જોઈએ ને! ક્ષણિક તો એક શબ્દ છે. ક્ષણિક ભૂલ એટલે ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદ સ્વભાવ સંપન્ન પ્રભુમાં, નવા કર્મમાં નિમિત્તભૂત થાય એવો સ્વભાવમાં ભાવ નથી, છતાં સ્વભાવના અભાનપણે પરિણમેલો વિકારભાવ નવા કર્મમાં નિમિત્તભૂત થતાં વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ એવા

અજ્ઞાનીને એવો ઉપચાર લાગું પડે છે કે આ કર્મ આ જીવે કર્યાં. જ્ઞાનીને કર્મબંધનમાં ઉપચારથી પણ નિમિત્તપણું લાગુ પડતું નથી.

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરના કામ જો ને!' તેમાં હરિ કોણ? તેનો જવાબ પંચાધ્યાયીમાં આપ્યો છે કે પાપને અને દોષોને હરી લે તે હરિ છે. પાપ એટલે 'અજ્ઞાનભાવ'ને હરી લે–વ્યય કરે એવો જીવનો સ્વભાવ છે. પાપને ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી. પાપનો વ્યય કરવો એ પણ ઉપચારથી છે. મૂળ તો વ્યય થાય એવો સ્વભાવ છે. 'હરિ' એટલે આત્મા પોતે હરિ છે. જગતનો કર્તા કોઈ હરિ નથી.

અંતરમાં ભગવાન આત્મા અનંતાનંત ગુણનો પિંડ છે. તેમાંથી દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ મૂળ ગુણ છે તેને અહીં લક્ષણ તરીકે લીધા છે અને તેમાં પણ વીતરાગ પર્યાયથી આત્મા લક્ષિત થાય એવો તેનો સ્વભાવ છે. આવા ભગવાનનો અનાદર કરી, વિકલ્પમાં એકતા કરી, અજ્ઞાનપણે પરિણમી, નવા કર્મ બાંધવામાં કારણ થાય છે. હું કર્મબંધનમાં નિમિત્ત છું એમ માનીને કર્તા થાય છે તેથી તેને ઉપચારે કર્તાપણાનો ઉપચાર લાગુ પડે છે.

જીવ, સ્વવસ્તુની પૂજા, મહિમા અને લાભ ચૂકીને પરવસ્તુની પૂજા, મોટાઈ અને લાભરૂપ આર્ત–રૌદ્રધ્યાન કરે છે તેથી નિજ શુદ્ધાત્માનું ધ્યાન ચૂકી જાય છે અને શુભાશુભકર્મનું ઉપાર્જન થાય છે. તેના ઉદયથી શરીર મળે છે. જુઓ! ત્રણપટી વાત કરી છે. (૧) સ્વરૂપના ધ્યાનનો અભાવ, (૨) શુભાશુભ ભાવનો સદ્‌ભાવ અને (૩) કર્મનું બંધન થયું. તેના ઉદયથી શરીર મળે છે. આત્માના સ્વભાવથી શરીર મળે એમ કદી બનતું નથી. જો એ સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં આચરણ કરે તો એટલા અંશે સ્વરૂપની શાંતિ અને વીતરાગતારૂપ આચરણ થાય પણ તેને છોડીને, શુભાશુભભાવરૂપ આચરણ કરે છે તેથી નવા કર્મોનું ઉપાર્જન થાય છે ને કર્મના ઉદયકાળે ખરેખર જે વસ્તુમાં રાગ પણ નથી તેને શરીર મળે છે. આ રીતે શરીરનો સંયોગ થાય છે.

આ રીતે મળેલાં શરીરના ભેદથી જીવોમાં પણ ભેદ માને છે તેને દર્શન આદિ ગુણો ગમ્ય નથી. દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ ગુણોવાળો ગુણી છે એવી તેને ખબર નથી. જીવ–જીવ કરે છે પણ તે કેવા ગુણ અને પર્યાયવાળો છે તેનો ખ્યાલ નથી. તેથી મથાળું બાંધ્યું છે કે જે જીવને જાણે છે પણ તેના લક્ષણને જાણતા નથી તેને જીવનું લક્ષણ કહીએ છીએ, કેમ કે જીવના લક્ષણને જાણતો નથી તેથી જ શરીરના ભેદે જીવમાં ભેદ પાડે છે. ગાથા દીઠ ભિન્ન ભિન્ન વાત કરે છે. એકનો એક ભાવ નથી. જે આત્મવસ્તુમાં શરીર

નથી, રાગ નથી તેમાં શરીરના ભેદે ભેદ કેમ પડે! પણ એને દર્શન-જ્ઞાનલક્ષણ જીવ જ્ઞાનમાં ગમ્ય નથી તેથી ભેદ પાડે છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર-શાંતિ-સુખ લક્ષણે લક્ષિત જીવનો અનુભવ નથી તેથી જેવા જેવા શરીર સહિત જીવ હોય તેવો જ તે જીવને માનીને જીવોમાં ભેદ પાડે છે કે આ બ્રાહ્મણ છે, આ ક્ષત્રિય છે, આ હરિજન છે, આ કુંભાર છે અને આ કડિયો છે વગેરે......તેને દર્શન-જ્ઞાનાદિ ગુણો ગમ્ય નથી. ભગવાન પરમેશ્વરે દર્શન-જ્ઞાન-ચારિત્રને આત્માનું લક્ષણ કહ્યું છે. એવા લક્ષણે જણાય તેવા આત્માને શરીરના ભેદે ઓળખવા લાગ્યો તો તને ગુણો ગમ્ય નથી. (એ નક્કી થાય છે.)

ભગવાને જોયા એવા જે એકેન્દ્રિયથી માંડીને બધાં જ જીવ જ્ઞાન-દર્શનના પિંડ છે. વિકલ્પથી કર્મ અને કર્મથી મળેલાં શરીરો એ જીવનું લક્ષણ નથી. જીવને તેના દર્શન-જ્ઞાનાદિ લક્ષણથી ઓળખીને પછી બ્રાહ્મણાદિ સંયોગરૂપ પર્યાયને જાણે......તે જાણવાયોગ્ય છે. એવો વ્યવહાર છે પણ તે આદરવાયોગ્ય વસ્તુ નથી.

વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાત જ સિદ્ધ કરે છે. નિશ્ચયસ્વભાવનું ભાન થતાં બધાં જીવો સ્વભાવથી એવા જ છે એમ જ્ઞાન અને ભાન થઈ શકે છે પછી તેમાં ભેદ દેખાય છે તેને જાણે છે બસ....જાણે છે, બીજું કાંઈ નહિ. આત્મા એવો ભેદવાળો છે એમ નહિ, તેની ભેદવાળી પર્યાય આવી છે એમ જ્ઞાની જાણે છે. "સમજાણું કાંઈ!" આ આપણી વિસામાની ભાષા છે. ૬૫ વર્ષ પહેલાંની વાત છે. અમારે મામા હતા, મોટા પૈસાવાળા ગૃહસ્થ. તે વાત કરતાં કરતાં વચ્ચે 'સાબલી મધ્યે' એમ બોલે એટલે અમે પૂછેલું મામા! તમે આ શું બોલો છો? કાંઈ સમજાતું નથી. તો કહે, ભાઈ! વાત કરતાં કરતાં બીજાને સન્માન આપીને વિસામો લેવાનું આ વાક્ય છે તેનો અર્થ એ કે 'સાહેબની ભલી મતિ થાય જે....' એમ બોલવાની પરંપરા છે. તેમ અહીં 'સમજાય છે કાંઈ!' એ પણ 'સાહેબને ભલી મતિ થાય' એના જેવું વિસામાનું વાક્ય છે. પહેલેથી એમ બોલવાની ટેવ પડી ગઈ છે.

અહીં આચાર્યદેવ કહે છે કે અરે આત્મા! તને તારા ગુણો ગમ્ય નથી ભાઈ! આત્મા જ્ઞાનનો મોટો પિંડલો, દર્શનનો મોટો રસકંદ, ચારિત્રમય, વીતરાગમય, શાંતિમય આખી વસ્તુ છે એમ સ્વભાવના લક્ષે આત્માને જાણવો જોઈએ. એમ ન જાણતા તું દેહના લક્ષે દેહભેદે આત્મામાં ભેદ પાડે છે તો તને ગુણોની ગમ્યતા નથી. ગુણનું તને જ્ઞાન નથી ભાઈ! તને અજ્ઞાનનું પરપ્રકાશકપણું છે. સ્વપ્રકાશક જ્ઞાન થયા પછી પરપ્રકાશકપણામાં આવા દેહના ભેદથી આત્માને જ્ઞાની જાણે છે પણ તે આત્માનું મૂળ સ્વરૂપ છે એમ જ્ઞાની જાણતા નથી.

હવે ચાર ગતિ કઈ રીતે મળે છે તે બતાવે છે. ખરેખર કર્મ આત્માના દ્રવ્યમાં કે ગુણમાં નથી પણ તેના ભાનના અભાવમાં એને રાગ અને વિકાર જ ગમ્ય થાય છે તેના લક્ષે કર્મ બંધાય છે. તે કર્મના ઉદયકાળમાં ચાર ગતિ મળે છે. તેમાં પાપના ઉદયે નરકગતિ, પુણ્યના ઉદયમાં દેવનું શરીર, શુભાશુભ મિશ્ર ઉદયથી મનુષ્યદેહ અને માયાચારથી પશુનું શરીર મળે છે. કપટ....કુટિલતા....એટલી ભાવોની વક્રતા થઈ હોય કે તેના ફળમાં શરીર પણ વક્ર-આડું મળે છે. દેવ, મનુષ્યના શરીર તો સીધા છે પણ નારકીના શરીર પણ સીધા છે. માયાચારીને કારણે તિર્યંચના શરીર આડોડાઈના ફળમાં આડા મળે છે પણ અહીં તો એ બતાવવું છે કે વસ્તુના સ્વરૂપમાં તો એ આડાઈ પણ નથી. ભાવની આડાઈના ફળમાં કર્મ અને કર્મના ફળમાં આડા શરીર.....હાથી, ઘોડા, ઉંદરના દેહ મળ્યા છે પણ તેને ન જો! કેમ કે એ તો કર્મના ફળે મળેલા છે, કાંઈ આત્માનું સ્વરૂપ એવું નથી. માટે, ભગવાન આત્માને તું જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણવાળો જો! કર્મના ફળવાળો ન જો! એ તો ખાલી જાણવાયોગ્ય ભાવ છે.

શરીરોના ભેદથી જીવોની અનેક પ્રકારની ચેષ્ટાઓ જોવામાં આવે છે. કાબર, ચકલાં વગેરે કેવા કેવા જુદાં જુદાં અવાજ કાઢ્યાં કરે છે! પણ એ જડની પર્યાય છે એવી ચેષ્ટા જોઈને તું આત્માને એવો ન જાણ! આત્માનું એ કાર્ય નથી. આત્માએ તો અજ્ઞાન અને વિકારભાવ કર્યો પોતાના ઉપાદાનથી અને તેમાં કર્મ નિમિત્ત થયું અને તેના નિમિત્તમાં શરીરની ચેષ્ટા તેના પરમાણુના ઉપાદાનથી એવી થાય છે.

શરીરમાં પણ અવયવો બધાંના જુદાં જુદાં જોવા મળે છે. મનુષ્યના જુદાં, સ્ત્રીના જુદાં, હીજડાનાં જુદાં, તેમાં પણ દરેકના દેખાવ જુદાં, કાનની બુટ કોઈની લાંબી, કોઈની ટૂંકી, કોઈની ચોંટેલી તો કોઈની છૂટી, કોઈની સરખી ન હોય, કેમ કે આત્માની વિકૃતિ ભેદે કર્મમાં ભેદ અને કર્મભેદે તેના ફળરૂપ શરીરોમાં ભેદ હોય છે. એક નાકની અણી જોશો તો એ પણ લાખ માણસોની જુદી જુદી હશે, કોઈની એક સરખી ન હોય, આંખના ખૂણામાં પણ બધામાં ફેર હોય. એકરૂપ પોતાના સ્વરૂપને ભૂલીને અનેક વિકારમાં એકત્વતા થઈ તેના નિમિત્તે અનેક પ્રકારે કર્મ પોતાના ઉપાદાનથી પરિણમ્યા અને તેનું નિમિત્ત થતાં શરીરો અનેક આકારરૂપે પરિણમ્યા છે. શરીરના પરમાણુ અને કર્મના પરમાણુ જુદાં છે. કર્મના પરમાણુના કારણે શરીરના પરમાણુ પરિણમતાં નથી પણ અહીં તો જીવના વિકારનું ચક્ર બતાવવું છે કે આ બધા શરીરના ભેદ વિકાર સાથેના સંબંધવાળા છે માટે તેને તું સ્વપણે ન જો, તારો ભગવાન એકત્વલક્ષણે લક્ષિત અભેદ છે તેને તું જો.

તું સ્વભાવથી એકત્વ અને વિભાવથી વિભક્ત છો માટે વિભાવથી વિભક્ત થવું જોઈએ તેને બદલે વિભાવમાં એકત્વ કર્યું તે તને કર્મના બંધનમાં નિમિત્ત થયું અને એ કર્મના બંધનના કારણે આ સંયોગોમાં ફેર દેખાય છે પણ તેના ફેરથી તું આત્મામાં ભેદ ન પાડ! એ તો જ્ઞાન-દર્શન-લક્ષણે લક્ષિત, વીતરાગ લક્ષણે લક્ષિત ભગવાન છે. તેને લક્ષમાં લીધા વિના સમભાવ નહિ પ્રગટે.

બધા ભગવાન છે......ભગવાન છે એમ દેખ! ભૂલેલાં પણ વસ્તુએ ભગવાન છે. દ્રવ્ય-ગુણે વસ્તુ ત્રિકાળ છે પણ પર્યાયે એક સમય પૂરતો છે તેમાં ભૂલ છે તે તો બીજા સમયે વ્યય પામી જશે, ત્રિકાળ નહિ રહે માટે તેને ન જો! ભૂલ કાંઈ તારું સ્વરૂપ નથી. દર્શન-જ્ઞાન-આનંદ કાયમી સ્વભાવ છે તે સ્વભાવથી વસ્તુને જો તો તેમાં ભેદ નહિ દેખાય. વસ્તુમાં કે વસ્તુના ગુણમાં ભવ પણ નથી અને ભવ થાય તેવો ભાવ પણ નથી. જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણમાં ભવરૂપ થવાનો સ્વભાવ ક્યાં છે! નકામો ઊંધો ફરે છે.

સર્વજ્ઞભગવાને જીવને ઉપયોગ લક્ષણવાળો જોયો છે. સમયસારમાં ૨૪મી ગાથા છે ને!

'સર્વજ્ઞ જ્ઞાન વિષે સદા, ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્ગલ થઈ શકે, કે મારું આ તું કહે અરે!'

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર કે જેની પર્યાયમાં પૂરી ઈશ્વરતા પ્રગટ થઈ ગઈ છે તેણે જીવને નિત્ય-ત્રિકાળ ઉપયોગલક્ષણે દીઠો છે અને તું જીવને રાગને અને પુણ્ય-પાપ તથા દેહના લક્ષણવાળો જોવા માંગે છો! ઉપયોગલક્ષણવાળો જીવ રાગલક્ષણવાળો ક્યાંથી હોય! ભગવાને પુણ્ય-પાપ-રાગને તો જીવતત્ત્વથી ભિન્ન જોયા છે અને દેહ, વાણી, મનને તો આસ્રવતત્ત્વથી પણ ભિન્ન જડતત્ત્વ તરીકે જોયા છે તો એ ઉપયોગમય જીવ રાગમય અને જડમય કેમ થાય!

સમયસાર તો ૪૧૫ ગાથા અને ૨૭૮ કળશનો ભંડાર છે. તેની વળી ટીકા થઈ છે એ પણ ગજબ છે. ઉપયોગલક્ષણ સિવાય જીવ કદી હોતો નથી માટે જ્ઞાનીજન સર્વ જીવને સમાન ઉપયોગલક્ષણવાળા માને છે. પર્યાયમાં ભૂલ છે અને સમયે સમયે નવી ભૂલ થાય છે. ભૂલ ટળીને કેવળજ્ઞાન થાય એ પણ પર્યાય છે માટે સમયે સમયે નવું થાય છે. આગલી પર્યાય જેવી જ બીજી કેવળજ્ઞાન પર્યાય થાય પણ એની એ ન રહે. સંસારમાં એક સમયનો મિથ્યાત્વ પર્યાય છે તે બીજા સમયે એનો એ ન રહે. ભલે બીજા સમયે એના જેવો જ પર્યાય થાય પણ એનો એ ન રહે.

निश्चयेन......निश्चयनयथी दर्शन, ज्ञान, चारित्र જીવોના લક્ષણ છે એમ જાણી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, ચંડાલાદિ દેહના ભેદ જોઈને રાગ-દ્વેષ કરવો ન જોઈએ.

અહા! જ્ઞાનીજન પોતાના સ્વભાવને જ્ઞાનમય, આનંદમય, શાંતિમય એમ જોતા બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ ભેદથી જીવોમાં ભેદ કરતાં નથી તેથી જ્ઞાનીને રાગ-દ્વેષ થતાં નથી. પર્યાયબુદ્ધિથી જોનારને રાગ-દ્વેષ થાય છે. જ્ઞાનીને પોતાની કમજોરીને લઈને રાગ-દ્વેષ થાય છે તે જુદી વાત છે.

આગળની ગાથાઓમાં જ્ઞાન-દર્શનલક્ષણ આવી ગયું હતું. બધા જીવોની જાતિ એક છે એ આવી ગયું હતું તેથી ટીકાકારે અહીં એ લીધું કે બ્રાહ્મણ-શુદ્રાદિ ભેદ જ્ઞાની પાડતાં નથી એમ આચાર્યદેવ કહે છે. લક્ષણથી સર્વ જીવ સમાન હોવાથી કોઈ પ્રત્યે રાગ-દ્વેષ ન કરતાં મૈત્રીભાવ કરવો એમ આ ગાથાનું તાત્પર્ય છે. બધાને સમાન જાણવાથી કોઈ પ્રત્યે વિષમભાવ થતો નથી, સમભાવ રહે છે, તેનું નામ મૈત્રી છે. આ ૧૦૨ ગાથા થઈ.

अंगईं सुहुमईं वादरईं विहि-वर्सि होंति जे बाल।
जिय पुणु सयाल वि तित्तडा सव्वत्थ वि सय-काल॥१०३॥

અર્થ :—સૂક્ષ્મ અને બાદર શરીર તથા જે બાલ, વૃદ્ધ, તરૂણ આદિ અવસ્થા કર્મોથી થાય છે, જીવ તો દરેક જગ્યાએ અને દરેક કાળમાં અસંખ્યાત પ્રદેશી જ છે.

આ ગાથામાં આચાર્યદેવ કહે છે કે જીવોને કર્મના સંબંધથી સૂક્ષ્મ અને બાદર શરીર થાય છે. માટે સૂક્ષ્મ, બાદર, સ્થાવર, જંગમ એ બધા શરીરના ભેદ છે, જીવ તો ચિદ્રૂપ છે, બધા ભેદોથી રહિત છે. માટે ભાઈ! તું નાના અને મોટા આકારવાળા, સ્ત્રી અને પુરુષના આકારવાળા શરીરના ભેદોથી આત્માને ભેદવાળો માન એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી. અસંખ્યપ્રદેશ એ જીવનું લક્ષણ છે પણ કોઈ નિશ્ચિત આકાર એ જીવનું લક્ષણ નથી. અસંખ્યપ્રદેશ તો સદાય રહે છે, તેમાં વધ-ઘટ થતી નથી. આકારમાં સંકોચ કે વિકાસ થાય છે તે બાહ્ય નિમિત્ત અનુસાર થાય છે. માટે, તે કાંઈ જીવનું લક્ષણ નથી.

જેમ, જીવ તેના ગુણલક્ષણથી લક્ષિત થાય છે તેમ, અસંખ્યપ્રદેશી ક્ષેત્ર એ પણ તેનું લક્ષણ છે; પણ ગતિ અનુસાર મળતા આકારો એ જીવનું લક્ષણ નથી. પરદેશમાં એક રંગરેજ એટલો લાંબો છે કે તેને મકાનને રંગ કરવામાં નીસરણીની જરૂર પડતી નથી. નીચે ઊભો ઊભો દિવાલને રંગી લે છે. કોઈ એવા લાંબા તો કોઈ ઢીંચકા-નીચા માણસ હોય તેનાથી જીવમાં કાંઈ ફેર પડતો નથી.

અમે મૈસુર ગયા હતા, ત્યાંના એક અધિકારી પોતાની ઓફિસે અમને લઈ ગયા

હતા. તેણે બધા જાનવર પાળેલાં હતા. વાઘ પણ હતો. કેટ–કેટલી જાતના પ્રાણીઓ થાય છે! એ કહે કે મહારાજ! અમારા વાઘ ઉપર હાથ મૂકો ને! અમારે ફોટો લેવો છે; તો મેં વાઘ ઉપર હાથ ફેરવ્યો. વાઘ બેસી ગયો હતો. પેલાએ તરત ફોટો લઈ લીધો.

આમ, ૧૦૩મા કહેવું છે કે આકૃતિફેરે તું જીવમાં ફેર ન જો. જાતિફેરે જીવમાં ફેર નથી, વર્ણફેરે જીવમાં ફેર નથી, ઉપયોગલક્ષણે જીવ બધા સમાન છે. અહીં કહે છે કે આકૃતિફેરે જીવમાં ફેર ન જો! સ્ત્રીની આકૃતિ, પુરુષની આકૃતિ, સિંહની, વાઘની, હાથીની, કંથવાની આકૃતિ બધાની જુદી જુદી છે પણ જીવ બધાના ચિદ્રૂપ છે. એ વાઘ ખુલ્લો હતો, બાંધેલો ન હતો. મોટો હતો પણ ખોરાક સાધારણ આપતા હોય એટલે કોઈને હેરાન ન કરે–નરમ થઈ જાય.

અહીં કહે છે કે તેને એના આકારથી ન જો! કેમ કે એ તેનું રૂપ નથી. તેનું રૂપ તો ચિદ્–રૂપ એકરૂપ છે. તેના અસંખ્યપ્રદેશના આકારને ન જો. અસંખ્યપ્રદેશનો પિંડ છે એમ જો! જુઓ! પાઠમાં પ્રથમ જ 'અંગ'થી ગાથા શરૂ કરી છે. એ અંગાદિ બધું વિધિ નામકર્મને વશ મળેલું છે તે જીવનું સ્વરૂપ નથી.

શાસ્ત્રમાં આવે છે કે સૂક્ષ્મ શરીરની અવગાહના નાની હોય છે અને બાદરની મોટી હોય છે એમ શરીરમાં અનેક પ્રકારની નાની–મોટી જુદા જુદા આકારવાળી અવગાહના હોય અને બાળ, વૃદ્ધ, તરૂણ અવસ્થા હોય, અનેક પ્રકારના અવયવો હોય તેનાથી તારે આત્માને જોવો છે! ચામડાના અવયવો એ શું આત્મા છે? અન્યમતિમાં મીરાંબાઈની વાત આવે છે કે એક પુરુષ એવો હતો કે જે સ્ત્રીનું મોઢું જોતો ન હતો. તે કહે કે મારે મીરાંબાઈને મળવું છે પણ આડો પડદો રાખો તો મળું......ત્યારે મીરાંબાઈ કહે છે કે હું તને મળવા નથી માગતી કેમ કે તું તો ચામડાને જોનારો છો માટે મને મળીને તું શું કરીશ! તું આત્માને નહિ જોઈ શકે. માટે, મારે જ તને મળવું નથી. આ સ્ત્રી છે અને હું પુરુષ છું એવું તારી દૃષ્ટિમાં બેસી ગયું છે, તેવા ભેદને જોનારો એકરૂપ આત્માને જોઈ શકતો નથી.

આત્મા નિશ્ચયથી જ્ઞાનમૂર્તિ છે. પછી વ્યવહારની વાત આવે ત્યારે બધા ભેદો જ્ઞાનમાં આવે છે પણ રાગી જીવને રાગ ન થાય એ માટે વ્યવહારને ન જો એમ કહ્યું. શરીરના કારણે રાગ થતો નથી પણ પોતાની કમજોરીના કારણે શરીરાદિને નિમિત્ત બનાવીને એ રાગ કરે છે. જો શરીરના કારણે રાગ થતો હોય તો તો કેવળીને પણ રાગ થવો જોઈએ, જ્ઞાનીને પણ રાગ થવો જોઈએ પણ એમ નથી. જ્ઞેયને કારણે રાગ થતો નથી.

(અનુસંધાન પેજ ૧૯ ઉપર)

# પર્યાય જેટલો જ પોતાને માનનાર જૈનમતિ પણ બૌદ્ધ જ છે.

(શ્રી સમયસારનાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૫)

આ, સમયસાર નાટક છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. તેમાં વિષય એ ચાલે છે કે અનાદિથી પ્રાણી ક્ષણે ક્ષણે જે પોતાની પર્યાય વર્તી રહે છે તેને જ આત્મા માને છે. આ સમજવા માટે બૌદ્ધનું તો દ્રષ્ટાંત આપ્યું છે.

અનંતવાર જીવે દ્રવ્યલિંગ ધારણ કર્યું પણ પર્યાયબુદ્ધિ કદી છોડી નથી. ભાવપાહુડમાં કુંદકુંદઆચાર્યદેવે કહ્યું છે કે હે મહાયશ! તેં અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કરીને પણ એવું કોઈ સ્થાન બાકી રાખ્યું નથી કે જ્યાં જન્મ-મરણ કર્યા ન હોય.

જીવની બુદ્ધિમાં પર્યાય અને શુભરાગની મહિમા જ રહી છે. પોતાના ત્રિકાળી ધ્રુવ સ્વભાવની પ્રતીત કરી નહિ, આશ્રય લીધો નહિ અને એક સમયની પર્યાયને જ આખો આત્મા માની લીધો છે તેથી તે જીવ જૈન હોવા છતાં બૌદ્ધમતિ જેવો જ મિથ્યાદૃષ્ટિ છે. પ્રવચનસારમાં કહ્યું છે કે परमूढा परसमया.....પર્યાયમૂઢ હોવાથી તેં ચોરાશીલાખ યોનિમાં એટલા જન્મ-મરણ કર્યા છે કે તારા મરણથી તારી માતાને જે આંસુ આવ્યાં તેને એકઠાં કરો તો સમુદ્ર ભરાય. આટલા તો તે ભવ કર્યાં છે એમ ભાવપાહુડમાં બધું વિસ્તારથી કહ્યું છે.

બાળક મરી જાય તો માતા છાતીફાટ રૂદન કરે છે. અહીં જ અઠવાડિયા પહેલાં ૨૪ વર્ષનો જુવાન કેરિયર નીચે રોટલી વણાય તેમ વણાઈ ગયો ત્યારે તેના મરણના ખબર સાંભળીને માતા કેવી રોઈ છે! અહીંથી નીકળ્યા હતા બધા....અહીં તો કહે છે કે દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી પણ આવા અનંત ભવ કર્યા છે. કદી અખંડાનંદ પોતાની ધ્રુવ ચીજ ઉપર તેં દૃષ્ટિ કરી નથી.

નીચે ૧૫મો કળશ છે તેના ઉપરના ઉપમા પદ્યમાં કહે છે કે "બૌદ્ધો પણ જીવદ્રવ્યને ક્ષણભંગુર માની બેઠા તેનું કારણ"

एक परजाइ एक समैंमै विनसि जाइ,
दूजी परजाइ दूजे समै उपजति है।

ताकौ छल पकरिकैं बौध कहे समै समैं,
नवौ जीव उपजै पुरातनकी छति है॥
तातै मानै करमकौ करता है और जीव,
भोगता है और बाके हिए ऐसी मति है।
परजौ प्रवांनकौ सरवथा दरब जानैं,
ऐसे दुरबुद्धिकौं अवसि दुरगति है॥३५॥

અર્થ :—જીવની એક પર્યાય એક સમયમાં નાશ પામે છે અને બીજા સમયે બીજી પર્યાય ઉપજે છે એવો જૈનમતનો સિદ્ધાંત પણ છે તેથી તે જ વાત પકડીને બૌદ્ધમત કહે છે કે ક્ષણે ક્ષણે જીવ નવો ઉપજે છે અને જૂનો નાશ પામે છે. તેથી તેઓ માને છે કે કર્મનો કર્તા બીજો જીવ છે અને ભોક્તા બીજો જ છે, એમના મનમાં આવી ઉલટી સમજણ બેસી ગઈ છે. શ્રી ગુરુ કહે છે કે જે પર્યાય પ્રમાણે જ દ્રવ્યને સર્વથા અનિત્ય માને છે એવા મૂર્ખની અવશ્ય કુગતિ થાય છે.

આત્મામાં સમયે સમયે એક પર્યાય થાય છે તેથી એક પર્યાયનો કાળ એક સમય છે અને દ્રવ્યનો કાળ ત્રિકાળ છે. પર્યાય એક સમય ટકીને બીજે સમયે વ્યય પામે છે એ વાત જૈનદર્શન કહે છે તે છળ પકડીને બૌદ્ધ કહે છે કે દરેક સમયે જીવ જ નવો ઉપજે છે. જીવમાં પર્યાય નવી નવી ઉપજે છે અને જૂની વ્યય પામે છે એમ નહિ પણ જીવ જ આખો નવો ઉપજે છે અને બીજા સમયે વ્યય પામે છે એટલે કે તે પર્યાયને જ જીવ માને છે, પર્યાય ઉપર જ તેની દૃષ્ટિ છે. વર્તમાન પર્યાય ઉપર જેની દૃષ્ટિ છે તે બધા ક્ષણિકવાદી બૌદ્ધમતિ છે.

જગતને પાપ કરતાં ડર નથી લાગતો કેમ કે ભવિષ્યમાં મારે જ તેનું ફળ ભોગવવું પડશે એમ માનતાં નથી. ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે. મારે શું? એમ માનનાર બધા પર્યાયમાત્રને જ આત્મા માનનારા છે.

વિશેષ :—ક્ષણિકવાદી જાણે છે કે જે માંસ–ભક્ષણ આદિ અનાચારમાં વર્તનાર જીવ છે તે નષ્ટ થઈ જશે, અનાચારમાં વર્તનારને તો કાંઈ ભોગવવું જ નહિ પડે તેથી મોજ કરે છે અને સ્વચ્છંદપણે વર્તે છે. પરંતુ કરેલું કર્મ પોતાને ભોગવવું જ પડે છે. તેથી નિયમથી તેઓ પોતાના આત્માને કુગતિમાં નાખે છે.

પાપ કરનારી પર્યાય અન્ય છે અને ભોગવનારી પર્યાય બીજી છે માટે અમારે

પાપનું ફળ ભોગવવું નહિ પડે એમ માનીને વર્તમાનમાં મૂઢ જીવ મોજ કરે છે. આ મૂળ વાત છે કે વર્તમાનમાં રાગ-દ્વેષ આદિમાં ઠીક છે એમ મજા માને છે તે બધા પર્યાયબુદ્ધિ મૂઢજીવ છે. શુભભાવ કરીને નવમી ગ્રૈવેઈક જનારા પણ આવા પર્યાયબુદ્ધિ મૂઢ છે કેમ કે શુભભાવ થયો એ જ હું અને એ જ મારો ધર્મ એમ તેની દૃષ્ટિ રાગ ઉપર છે અને લંબાવીને જુઓ તો પર ઉપર તેની દૃષ્ટિ છે માટે તે પણ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ છે, તેની દૃષ્ટિમાં ત્રિકાળ પ્રભુ ચિદાનંદ આવતો જ નથી.

વર્તમાનમાં પણ હું છું અને ભવિષ્યમાં પણ હું જ રહીશ એમ માને તો તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પરમાનંદ મહાસત્તા ઉપર દૃષ્ટિ જાય તો પર્યાય ઉપર દૃષ્ટિ રહે નહિ અને શુભભાવમાં ધર્મબુદ્ધિ પણ રહે નહિ.

ભાવપાહુડમાં તો મુનિને ઉદ્દેશીને બહુ કથન કર્યું છે. મુનિને હે મિત્ર! કહીને સંબોધન કર્યું છે. મિત્ર! દ્રવ્યલિંગમાં ધર્મ માનીને તું ભાવલિંગને ચૂકી ગયો છો. પંચ મહાવ્રતાદિ અઠ્ઠાવીશ મૂલગુણ....નગ્નપણું આદિ દ્રવ્યક્રિયા પાળીને તેં રાગની ભાવનાને પોષી પણ જિનભાવનાને એટલે વીતરાગભાવનાને કદી ભાવી નહિ. હું રાગ કરું- શુભભાવ કરું તો મને ધર્મનો લાભ થશે એમ માને છે તેમાં સૂક્ષ્મપણે પર્યાયબુદ્ધિ આવી જાય છે.

કર્મનો કર્તા જે જીવ છે તે ભોક્તા નથી. કર્મનો ભોક્તા બીજો જીવ છે એવી તારી મતિ, પર્યાયદૃષ્ટિ બતાવે છે.....એક સમયની પર્યાયને જ તેં આખું દ્રવ્ય માન્યું છે. આનંદઘનજીમાં આવે છે કે સ્થિરતામાં એક સમયમેં ઠાણે ઉપજે, વિણસે તબહી, ઉલટ-પલટ ધ્રુવસત્તા રાખૈ, યા હમ સુનિ ન કબ હી, અવધૂ નટનાગરકી બાજી—' ચોરાશીના અવતારમાં રખડવાવાળો નટ એક સમયમાં સ્થિર રહીને ઉપજે છે અને વિણસે છે એવી વાત અમે કદી સાંભળી ન હતી. હવે મારી ચીજ ત્રિકાળ છે અને સમયે સમયે પલટે છે એવી મારી ચીજનો હું આશ્રય લઉં છું.

એક વેદાંતી આવ્યા હતા. તે વેદાંતી હોવા છતાં આત્મધર્મ વાંચતાં હતા. એટલે કહે કે 'પર્યાય પણ સત્ છે. આપ જ આત્મધર્મમાં કહો છો કે પર્યાય સત્ છે.....' ભાઈ! પર્યાયને સત્ અમે કહીએ છીએ પણ તે કેવી રીતે? ત્રિકાળી સત્ છે તેમ પર્યાય સત્ છે એમ નહિ. પર્યાય એક સમય પૂરતી છે તેથી 'છે' માટે સત્ છે. રાજકોટમાં તો એક પત્ર આવ્યો હતો કે 'તમારી વાત બધા ભોટ લોકો જ સાંભળે છે.' ભોટ એટલે? મૂરખ-બુદ્ધિવગરના. વેદાંતી ત્રિકાળી વસ્તુને જ માને, એક સમયની પર્યાયને ન માને એટલે તેને

આપણી વાત બેસે નહિ એટલે એમ કહે. પણ, ત્રિકાળી ચીજમાં મુર્ખાઈ ક્યાં છે? મુર્ખાઈ હો કે ડહાપણ હો, સુધારો-વધારો બધો પર્યાયમાં થાય છે. ધ્રુવમાં સુધારો કે વધારો કાંઈ થતો નથી. નિગોદમાં જ્ઞાન એક અક્ષરના અનંતમાં ભાગે રહી જાય છે તોપણ કાંઈ ધ્રુવમાં કમી આવી જતી નથી કે વૃદ્ધિ થઈ જતી નથી. ધ્રુવ તો ત્રિકાળ જેમ છે તેમ છે. કેવળજ્ઞાન થતાં ધ્રુવમાં કાંઈ કમી આવી જતી નથી.

કોઈ એમ કહે છે કે પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ નથી, પર્યાયને ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. પણ ભાઈ! પર્યાયને જ આત્મા માને અને ત્રિકાળી દ્રવ્યને માને જ નહિ તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે. માટે કહ્યું કે 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ' પર્યાયને માને તે મિથ્યાદૃષ્ટિ નથી પણ પર્યાય-અંશ જેવડો જ આત્માને માને તે મિથ્યાદૃષ્ટિ છે.

જયચંદ પંડિતે સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં લખ્યું છે કે પર્યાયઅંશ.....અંશ.....અંશ જે પ્રગટ છે તેને તો બધા માને છે પણ તે જેમાંથી આવે છે એવા દ્રવ્યને-કે જે ધ્રુવ છે, અવ્યક્ત છે તેને માનતા નથી તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ત્રિકાળ ધ્રુવની દૃષ્ટિ વિના એકલા પર્યાયઅંશને માને છે તેને કુંદકુંદઆચાર્ય પર્યાયદૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ કહે છે.

પર્યાય પર્યાયરૂપે છે પણ તે એક અંશ છે અને દ્રવ્ય ત્રિકાળી છે તે બે થઈને પ્રમાણનો વિષય થાય છે. તેને બદલે પર્યાયને જ સર્વથા દ્રવ્ય માને એવા દુર્બુદ્ધિની નક્કી કુગતિ છે.

આ સર્વવિશુદ્ધ અધિકારમાં આવી વાત કેમ લીધી? સર્વ વિશુદ્ધનો અર્થ તો એ છે કે બંધ અને મોક્ષની પર્યાય પણ દ્રવ્યમાં નથી. જે ધ્રુવ તત્ત્વ છે તે જ સર્વવિશુદ્ધ છે. ધ્રુવ તો પર્યાયને સ્પર્શતું પણ નથી અને પર્યાય ધ્રુવને સ્પર્શતી નથી. અલિંગગ્રહણના બોલમાં આ આવ્યું છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષ અને પર્યાયવિશેષના આલિંગન વિના દ્રવ્ય એકલું છે અને વીશમાં બોલમાં કહ્યું કે પ્રત્યભિજ્ઞાનના કારણભૂત એવું જે સામાન્યદ્રવ્ય-તેના આલિંગન વિનાનો જે શુદ્ધપર્યાય છે તે આત્મા છે. શુદ્ધપર્યાય ધ્રુવને અડતી નથી અને ધ્રુવ છે તે એક સમયની પર્યાયને અડતું નથી. બંને ભિન્ન છે.

અહીં તો ૩૭મુ ચોમાસુ ચાલે છે, એટલે અલિંગગ્રહણ આદિ બધું જ વંચાઈ ગયું છે. એકેએક વિષયના વ્યાખ્યાન થઈ ગયા છે. આત્મધર્મમાં પણ બધું આવી ગયું છે. વિચાર તો પોતે કરવો પડે ભાઈ!

શુદ્ધપર્યાયને આત્મા કહ્યો. કેમ કે અનુભવ પર્યાયનો જ થાય છે. દ્રવ્યનો અનુભવ

થતો નથી. દ્રવ્યનો અનુભવ થાય તો તો બીજા સમયે દ્રવ્યનો નાશ થઈ જાય. અનુભવ હંમેશા પર્યાયનો જ થાય છે તેથી અનુભવમાં આવ્યો તે જ હું એમ માનનાર પણ છે. 'દ્રવ્યદૃષ્ટિ'-સમ્યગ્દૃષ્ટિ છે.

ક્યારેક આવી વાત સાંભળવા મળે અને સૂક્ષ્મ લાગે એટલે માથું ફરી જાય. પણ આ તો સંસારનો નાશ થઈને આત્માની પ્રગટતા થઈ જાય એવી વાત છે. અરે! તને થાક લાગ્યો નહિ! વિશ્રામ આપે એવું શું છે તેની તને ખબર પડી નહિ!

અત્યારે આ ખ્યાલમાં આવ્યું કે અહીં માત્ર પર્યાયને જ માને છે તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો અને અલિંગગ્રહણના ૨૦મા બોલમાં શુદ્ધપર્યાયને આત્મા માનનારને સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે, ત્યાં તો કહે છે કે મારું દ્રવ્ય તો છે જ પણ દ્રવ્યને સ્પર્શ્યા વિના મારા આનંદનો જે અનુભવ આવ્યો તે હું છું અને જે વેદનમાં નથી આવ્યું તે મારું દ્રવ્ય છે અને અહીં કહે છે કે દ્રવ્યને તો માને નહિ અને એકલી અશુદ્ધપર્યાયને જ માને છે તો તે મિથ્યાદૃષ્ટિ છે. તે એકલી અશુદ્ધતાને જ વેદે છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિને પણ વેદન તો પર્યાયનું જ છે પણ તે શુદ્ધપર્યાય છે. ભારે વાત ભાઈ! સત્યદર્શન-જૈનદર્શનની શૈલી કોઈ અલૌકિક છે, તેનું મિલાન કોઈ અન્ય સાથે થઈ શકે તેવું નથી.

एसे दुरबुद्धिको अवसि दुरगति है । સર્વથા પર્યાયને જ માને છે, દ્રવ્યને માનતો નથી તે અવશ્ય દુર્ગતિમાં જવાવાળો છે તે ભલે સ્વર્ગમાં જાય તોપણ દુર્ગતિ જ છે.

कहै अनातमकी कथा, चहै न आतम शुद्धि।
रहै अध्यात्मसौं विमुख, दुराराधि दुरबुद्धि॥३६॥
दुरबुद्धि मिथ्यामति, दुरगति मिथ्याचाल।
गहि एकंत दुरबुद्धिसौं, मुकत न होइ त्रिकाल॥३७॥

અર્થ :—મૂર્ખ મનુષ્ય અનાત્માની ચર્ચા કર્યા કરે છે, આત્માનો અભાવ કહે છે-આત્મશુદ્ધિ ઈચ્છતો નથી. તે આત્મજ્ઞાનથી પરાન્મુખ રહે છે, બહુ પરિશ્રમથી સમજાવવા છતાં પણ સમજતો નથી. મિથ્યાદૃષ્ટિજીવ અજ્ઞાની છે અને તેની મિથ્યા પ્રવૃત્તિ દુર્ગતિનું કારણ છે, તે એકાંતપક્ષનું ગ્રહણ કરે છે અને એવી મુર્ખાઈથી તે કદી પણ મુક્ત થઈ શકતો નથી.

મૂર્ખ મનુષ્ય શુભરાગ અને તેનાથી પુણ્ય મળે....એવી ચર્ચા કર્યા કરે છે. પર્યાયબુદ્ધિજીવ વ્યવહાર-આત્માને જ નિશ્ચય-આત્મા માનતો હોવાથી અનાત્મા છે. તે

અંશને જ આત્મા માને છે. ત્રિકાળી નિરાવરણ સહજાનંદ મૂર્તિને જ ખરેખર આત્મા કહેવાય છે. પર્યાય તે ખરેખર આત્મા નથી.

कहै अनातमकी कथा, चहै न आतम शुद्धि । જુઓ ભાષા! જેની પર્યાયબુદ્ધિ છે તે અનાત્મામાં જ રસ લે છે, એટલો જ આત્મા માને છે. હું ત્રિકાળ નિરાવરણ ચૈતન્ય છું એવી દૃષ્ટિ કરતાં નથી, આત્માની શુદ્ધિને ભાવતા નથી, આત્મજ્ઞાનથી તો વિમુખ રહે છે, એકલો રાગ અને પર્યાયબુદ્ધિમાં જ રોકાઈ ગયો છે.

दुराराध—તેને મહા પરિશ્રમથી સમજાવવા છતાં સમજતો નથી એવો દુરારાધ છે-દુર્બુદ્ધિ છે. રાગ અને એક સમયની પર્યાયને જ આત્મા માનનારો દુર્બુદ્ધિ-મિથ્યાદૃષ્ટિ છે, તેનું બધું વર્તન મિથ્યા છે. તેથી દુર્ગતિનું કારણ થાય છે. તેણે એકાંતપક્ષને ગ્રહ્યો છે ત્યાં સુધી તેની મુક્તિ ત્રણકાળમાં થઈ શકતી નથી.

અહીં મિથ્યામતિ કેવા છે તેની વાત કરી, આગળ ૭મા પાના ઉપર સમ્યકમતિ કેવા હોય તેની વાત કરી છે કે—

स्वारथके साचे परमारथके साचे चित्त,
साचे साचे वैन कहैं साचे जैनमति हैं।
काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,
आतम-गवेषी न ग्रहस्थ हैं न जती हैं।।

સમકિતી સ્વાર્થી છે.....પોતાના હિતનું પ્રયોજન સાધવામાં લાગેલાં છે, બીજાનું તો કોઈ કરી શકતું નથી. સમકિતી તો સ્વ + અર્થી છે. તેમની દૃષ્ટિમાં પરમ-પદાર્થ રહેલો હોય છે. તેમના વચન સત્ય હોય છે, કેમ કે જે જેમ છે તેમ જ સમકિતી કહે છે. રાગ રાગરૂપ છે, પર્યાય પર્યાયરૂપ છે, દ્રવ્ય દ્રવ્યરૂપ જેમ છે તેમ એ કહે છે. સમકિતી બધા જીવને ચૈતન્યમૂર્તિ ભગવાન જુએ છે, પર્યાયમાં ભૂલ છે તેને શું જોવી? બધા પ્રત્યે સમતાભાવે જુએ છે. પોતાની પર્યાયની ભૂલને ટાળે છે. પર્યાય-बुद्धि नाहि.......મૂળ તો કહેવું છે કે જ્ઞાનીને એક સમયની પર્યાયમાં જ આત્મબુદ્ધિ નથી. એ તો આત્માના ગવેષી-શોધક છે, રાગના કે પુણ્યના ગવેષી નથી. ચોથા ગુણસ્થાને સમકિતી આવા હોય છે. હજુ અણુવ્રત કે મહાવ્રત નથી પણ આત્મખોજી છે.

સમકિતીને રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ બધું પોતાના આત્મામાં દેખાય છે, બહારમાં કોઈ રિદ્ધિ-સિદ્ધિ કે વૃદ્ધિ દેખાતી નથી. સમકિતી પોતાના ધ્રુવના લક્ષપતિ છે. અંતરની લક્ષ્મીથી લક્ષ્મીપતિ છે. ભગવંતના દાસ છે. કુંદકુંદઆચાર્ય કેવા સીમંધરભક્ત હતા ને! સમવસરણ-

સ્તુતિમાં લખ્યું છે—'રે રે સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં.......' એ તો ભાવલિંગી મુનિ હતાં, ધ્યાનમાં બેઠા હતાં એમાં એમ થાય છે કે અરેરે! અહીં જ્યાં સીમંધરનાથનો વિરહ છે એવા ભરતક્ષેત્રમાં અમારો જન્મ કેમ થયો!

આમ, જ્ઞાની ભગવંતના દાસ હોય છે. પરમાત્મા તો વારંવાર તેમના સ્મરણમાં આવે છે. કુંદકુંદઆચાર્યને તો એકલાં સીમંધરનાથના વિરહ પડ્યાં પણ અહીં તો કુંદકુંદઆચાર્ય અને સીમંધરનાથ બંનેના વિરહ પડ્યાં છે. જ્ઞાનીને અંદરમાં સર્વજ્ઞની અને સંતોની મહિમા હોય છે. વાસ્તવિક સંતોની અંદરમાં મહિમા ભરી હોય છે. જ્ઞાની રાગના કે બીજા કોઈના દાસ નથી પણ ભગવંતના દાસ છે અને જગતથી ઉદાસ છે. રાગથી લઈને જગતની કોઈ ચીજ મારી વસ્તુમાં નથી. सुखिया सदैव ऐसे जीव समकिती हैं । આવા સમકિતી જીવો જ સુખી છે. સુખી કેમ છે?–કે પોતાના દ્રવ્યના અતીન્દ્રિય આનંદનો તેને અનુભવ છે માટે સમકિતી સુખિયા છે. સુખિયા જગતમેં સંત, દુરીજન દુખિયા રે.....આત્મદષ્ટિવંત જીવ જ જગતમાં સુખી છે. બાકી બધા દુઃખી છે.

બાહ્યત્યાગ તો ઘણો કરે પણ રાગની એકતાબુદ્ધિરૂપ અભ્યંતર ત્યાગ ન કર્યો તો બાહ્યત્યાગની કોઈ કિંમત નથી. જેની પર્યાયબુદ્ધિ છૂટી ગઈ અને દ્રવ્યબુદ્ધિ થઈ તો એ જીવ સુખી છે, શાંતિમાં છે. તેને અણુવ્રત કે મહાવ્રત ન હોય તોપણ એ સુખી છે. દ્રવ્યમાં આત્મબુદ્ધિ થઈ તેથી નિર્વિકલ્પ શાંતિ અને અતીન્દ્રિય આનંદનું સુખ વેદાય છે. માટે સમકિતી સુખી છે.

માંહિ પડ્યાં તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને....એવું આવે છે. આનંદસ્વરૂપ વસ્તુની દષ્ટિ થઈ તે માંહિ પડ્યાં છે. તેથી મહાસુખ માણે છે અને દેખનારા અજ્ઞાની 'આ તો ક્રોધનું કાંઈ કરે નહિ, દુકાન ચલાવે નહિ, બીજાને સમજાવે નહિ અને કહે અમે ધર્મી.......' એમ દાઝે છે–બળે છે બિચારાં.

અહો! એક પશુ.....દેડકાં જેવા પ્રાણીને પણ જો અંતરદષ્ટિ થઈ તો એ દુનિયાના અજ્ઞાનીજીવો કરતાં સુખી છે. લોકોને એમ થાય કે અમારે તો બધી જાતની સગવડતા, ગરમ ગરમ રોટલી, દાળ, ભાત, શાક ખાવા મળે છે માટે સુખી છીએ, દેડકાંને બિચારાંને કાદવ ખાવાનો અને બધી પ્રતિકૂળતા....એ સુખી ક્યાંથી હોય! અરે! એ ખાતો નથી, પ્રતિકૂળતા એને નથી, એ આત્માનો અનુભવી હોવાથી સુખી છે, તું ખાઈ–પીને હીંડોળે હિંચકતો હો કે સૂતો હો તોપણ સુખી નથી. કલ્પનાથી સુખ માનીને નિરાંતે સુએ છો પણ દુઃખી છો. કબીર લખે છે કે—

'સુખીયો સબ સંસાર, ખાય પીએ ને સૂએ,
દુઃખિયો દાસ કબીર, જબ જાગે તબ રુવે.'

અજ્ઞાની લાડવા ને અળવીના પાનના ભજિયા કે શીખંડપુરી આદિ ખાઈને તેમાં મજા માનીને સૂઈ જાય છે તે ભ્રમણાથી દુઃખી છે અને સમકિતી દેડકો કાદવને ખાનારો પણ આનંદનો રસીલો એ સુખી છે. બરફી ને મોહનથાળ ઉડાવનારા–રાગના ખાનારા બધા દુઃખી છે. દુધપાક–પૂરી ખાઈને કલ્પિત સુખના ઓડકાર લેનારા સુખી નથી. આવી વાત છે ભાઈ! અહીં...

અહીં કહે છે કે गहि एकंत दुरबुद्धिसौं मुकत न होइ. પર્યાયને અને શુભરાગને જ આત્મા માનનારા દુર્બુદ્ધિ કદી મુક્ત થતાં નથી અને સમકિતી દેડકાં આત્માના સ્વાદિયા જીવની અલ્પકાળમાં મુક્તિ થાય છે કેમ કે એણે અનંત અનંત અનંત આનંદ અને જ્ઞાનના સરોવરનું પાતાળ દૃષ્ટિમાં લઈ લીધું છે. રાગમાં રહેનારા ઉપલક દૃષ્ટિવાળા છે. અંતરના પાતાળમાં દૃષ્ટિ લઈ ગયા તે સમકિતી છે, સુખી છે.

રાગ અને પર્યાયમાં જ આત્માને માનવાવાળાએ ત્રિકાળી ભગવાનને દૃષ્ટિમાંથી છોડી દીધો છે માટે તે દુર્બુદ્ધિ છે. તેની દુર્બુદ્ધિ સમજાવવા માટે બનારસીદાસજી ૩૮મા પદ્યમાં દ્રષ્ટાંત આપે છે.

कायासौं विचारै प्रीति मायाहीसौं हारि जीति,
लिये हठ रीति जैसैं हारिलकी लकरी।
चंगुलके जोर जैसैं गोह गहि रहै भूमि,
त्यौंही पाइ गाड़ै पै न छोड़ै टेक पकरी॥
मोहकी मरोरसौं भरमकौ न छोर पावै,
धावै चहु और ज्यौ बढ़ावै जाल मकरी।
ऐसी दुरबुद्धि भूली झूटके झरोखे झूली,
फूली फिरै ममता जंजीरनिसौं जकरी॥३८॥

અર્થ :—અજ્ઞાનીજીવ શરીર ઉપર સ્નેહ કરે છે, ધન ઓછું થાય ત્યાં હાર અને ધન વધે ત્યાં જીત માને છે, હઠીલો તો એટલો છે કે જેવી રીતે હરિયલ પક્ષી પોતાના પગથી લાકડી ખૂબ મજબૂત પકડે છે અથવા જેવી રીતે ઘો દિવાલ અથવા જમીન પકડીને ચોંટી રહે છે, તેવી જ રીતે તે પોતાની કુટેવ છોડતો નથી, તેમાં જ અડગ રહે છે. મોહની

લહેરોથી તેના ભ્રમનો છેડો મળતો નથી અર્થાત્ તેનું મિથ્યાત્વ અનંત હોય છે, તે ચારગતિમાં ભટકતો થકો કરોળિયાની જેમ જાળ વિસ્તારે છે. આવી રીતે તેની મૂર્ખાઈ અજ્ઞાનથી જૂઠા માર્ગમાં લ્હેરાય છે અને મમતાની સાંકળોથી જકડાયેલી વધી રહી છે.

અજ્ઞાનીને હું ત્રિકાળી ચૈતન્ય છું એવી તો ખબર નથી અને શરીર તથા રાગ-દ્વેષાદિ ભાવ જ હું છું એવી માન્યતા છે તેથી તેનો જ પ્રેમ કરે છે. શરીરની સાથે ધનનો પણ એટલો જ પ્રેમ છે તેથી ધન આવે ત્યાં હરખ માને છે અને ધન જાય ત્યાં પોતાની હાર માને છે. આ જ મૂરખનું લક્ષણ છે.

શ્રોતા :—આવો પ્રેમ તો દુનિયામાં બધાને હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—દુનિયા આખી મૂરખ જ છે....એને એમ થાય કે અરે! એક સમય અમારો એવો હતો કે સાથે સાથે કેટલાં માણસો ફરતાં હતા, ખૂબ માન-સન્માન હતું, પૈસાનો તો પાર ન હતો....વગેરે લક્ષ્મી, કુટુંબ, મકાન આદિ બધું અનુકૂળ હતું અને હવે એ જ બધું પ્રતિકૂળ થઈ ગયું છે. લક્ષ્મી રહી નથી, જીવનથી હારી ગયા છીએ -એમ પરના સંયોગ-વિયોગથી પોતાની જીત અને હાર થઈ માને છે.

એક માણસ હતો એ નાની ઉંમરમાં કમાવા માટે એકલો જ મુંબઈ ગયો હતો. ત્યાં ધંધો કર્યો, પૈસા થયા, લગ્ન થયા, છોકરાં થયાં, મકાન થયાં.....અને થોડા સમય પછી એક એક કરતાં બધું ચાલ્યું ગયું અને ૪૮ વર્ષે પોતે દેશમાં એકલો જેવો હતો તેવો પાછો આવ્યો. હવે આ બાહ્યની ચીજ આવી ત્યારે પોતાને સુખી માનતો હતો અને ગઈ ત્યાં દુઃખી માનવા લાગ્યો; પણ ખરેખર બહારની ચીજ આવે તોપણ શું લાભ છે! અને જાય તો શું નુકશાન છે! અજ્ઞાની બાહ્યદૃષ્ટિથી વિચારે છે એટલે લાભ-નુકશાન લાગે છે, પણ જ્ઞાની તો અંતરની લક્ષ્મી વધે તેમાં લાભ માને છે. તેને લક્ષ્મી કદી ઘટતી જ નથી.

કોઈ હરિયલ પક્ષી એવું હોય છે કે પગમાં લાકડું પકડે તો તેને છોડે નહિ તેમ અજ્ઞાની પોતે માનેલી માન્યતા છોડતો જ નથી એવો હઠીલો છે. ગુરુ તેને લાખ વાર સમજાવે છે કે રાગ થાય તે તારું સ્વરૂપ નથી.....પણ નહિ નહિ......શુભરાગથી તો મને લાભ છે એવી હઠ છોડતો નથી. પર્યાયબુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિની વાત છે. ભાઈ! રાગ અશુભ હો કે શુભ હો બંને દુઃખદાયક છે પણ એણે જે પક્કડ કરી છે કે શુભરાગથી મારા આત્માને લાભ છે તે છૂટતી નથી.

એક 'ચંદન ઘો' નામનું પ્રાણી હોય છે. તે જ્યાં ખાલી ભાગ હોય ત્યાં ચોંટી જાય

છે તેમ આ મિથ્યાદૃષ્ટિ જ્યાં હોય ત્યાં ચોંટી જાય છે. પોતાની કુટેવ છોડતાં નથી. વ્યવહારને નિશ્ચયનું કારણ કહ્યું છે, માટે વ્યવહાર કરવામાં લાભ જ છે એવી એવી પક્કડ તેને છૂટતી નથી.

**मोहकी मरोरसौं भरमको न छोर पावै ।** અજ્ઞાનીને શરીર અને રાગાદિનો એવો મોહ લાગ્યો છે કે તેમાં સુખબુદ્ધિની ભ્રમણાને એ છોડી શકતો નથી. રાગાદિને પોતાના માનવાથી એને મિથ્યાત્વ પુષ્ટ થાય છે. દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય તોપણ આ દ્રવ્યલિંગ પહેલાં હોય પછી જ ભાવલિંગ આવે અને મુક્ત થાય......એવી પક્કડ છોડતાં નથી. ભાઈ! અંતરમાં ચારિત્રદશા આવે એટલે બહારમાં નગ્નપણું જ હોય છે પણ તેનો અર્થ એવો નથી કે નગ્નલિંગ ધારણ કર્યું માટે ચારિત્ર આવે છે. કોઈ તદ્દન નગ્નલિંગી હોય, પંચ મહાવ્રત પાળતો હોય પણ મિથ્યાદૃષ્ટિ હોય અને કોઈ દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો એકદમ પહેલાં ગુણસ્થાનથી સાતમામાં આવી જાય છે. તો કોઈ એમ માને કે 'જુઓ! નગ્નપણું હતું તો ૧લાથી ૭મા ગુણસ્થાનમાં આવી ગયા'—એ જૂઠી વાત છે. અંતરમાં દ્રવ્ય ઉપર જોર આવ્યું તેથી મિથ્યાત્વ ટળીને સમકિત અને અપ્રમત્તદશા આવી જાય છે ત્યારે બહારની નગ્નદશા, પંચમહાવ્રતાદિને નિમિત્ત કહેવાય છે.

આ વાત તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આવે છે કે કોઈ જીવ દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી દ્રવ્યનો ઉગ્ર આશ્રય લઈને ૧લાથી ૭મામાં આવી જાય છે પણ તે દ્રવ્યના આશ્રયને કારણે આવે છે, દ્રવ્યલિંગના કારણે નહિ. દ્રવ્યલિંગ તો જીવે અનંતવાર ધારણ કર્યું અને નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો. અંતરમાં દ્રવ્યનું અવલંબન લઈને મશગુલ થઈ જાય તો સમકિત સહિત ચારિત્ર–અપ્રમત્તદશા આવી જાય અને કોઈ તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈને મુક્તિમાં ચાલ્યા જાય છે. એ બધું પોતાના દ્રવ્યના આશ્રયના જોરથી થાય છે, નિમિત્તના આશ્રયથી નહિ. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ ૯ થી ચાલુ)

સૂક્ષ્મ, બાદર, શરીર અને બાળ–તરુણ–વૃદ્ધ આદિ અવસ્થા કર્મોથી થાય છે પણ જીવ તો બધી જગ્યાએ અને સર્વ કાળમાં એટલા જ પ્રમાણમાં એટલે કે અસંખ્યપ્રદેશી જ છે. આમ કહીને અહીં આત્માનું ક્ષેત્ર સિદ્ધ કરવું છે. વિશેષ કહેવાશે.

(ક્રમશઃ)

# પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર

## શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સ્વરૂપ

(ગતાંકથી ચાલુ પ્રવચન નં. ૩)

અહીં 'મુનિદશાને યોગ્ય' હોય એવી બાહ્યક્રિયાની વાત છે. મુનિદશાને યોગ્ય ન હોય, એવી ક્રિયા હોય નહિ–એવો જ મેળ છે. મુનિ પોતાના ઉપયોગને બહુ ભમાવતા નથી ને ઉદાસીન થઈ નિશ્ચલ વૃત્તિને ધારણ કરે છે. ત્રણ કષાયોનો નાશ થઈને ઘણી વીતરાગી સ્થિરતા પ્રગટી છે, તેથી ઉપયોગને બહુ ભમાવતા નથી.

બહારનું આ જાણી લઉં ને તે જાણી લઉં, આટલા પુસ્તક વાંચી લઉં—એમ જ્યાં ત્યાં ઉપયોગને ભમાવતા નથી. જોકે ઉપયોગ હજી સ્વરૂપમાં પૂરેપૂરો થંભ્યો નથી એટલે બહારમાં પણ ઉપયોગ જાય છે પણ ઉપયોગ બહુ ભમાવતા નથી. મુખ્યપણે તો શુદ્ધોપયોગને સાધે છે. મુનિઓને શુદ્ધોપયોગની પ્રધાનતા છે ને શુભોપયોગ ગૌણ છે. કદાચિત્ મંદરાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે.

સંજ્વલનકષાયની કર્મપ્રકૃતિના તીવ્ર ઉદયથી શુભોપયોગ થાય છે–એમ ન કહ્યું. 'સંજ્વલનના તીવ્ર ઉદયથી છઠ્ઠું ગુણસ્થાન થાય છે' એમ શ્રી ગોમ્મટસારમાં કહ્યું છે, તે નિમિત્તથી કહ્યું છે. ખરેખર, જીવને પોતાને તેવો રાગનો ઉદય થતાં છઠ્ઠું ગુણસ્થાન થાય છે. મુનિઓને વારંવાર નિર્વિકલ્પદશા આવ્યા જ કરે છે એટલે શુદ્ધોપયોગનો પ્રયત્ન વર્ત્યા જ કરે છે.

પંચમહાવ્રત વગેરેનો વિકલ્પ સદાય રહ્યા જ કરે છે—એમ નથી હોતું. માટે, કહ્યું છે કે કદાચિત્ મંદરાગના ઉદયથી શુભોપયોગ 'પણ' થાય છે ; 'પણ' કહીને શુભોપયોગની ગૌણતા બતાવી છે. મુખ્ય ઉદ્યમ તો શુદ્ધોપયોગનો જ છે. શુભોપયોગ વખતે મુનિ શુદ્ધોપયોગનાં બાહ્ય સાધનોમાં–સ્વાધ્યાય, મહાવ્રત વગેરેમાં–અનુરાગ કરે છે, પરંતુ તે રાગભાવને પણ હેય જાણીને દૂર કરવા ઈચ્છે છે.

જુઓ! અહીં શુભોપયોગને શુદ્ધોપયોગનું બાહ્યસાધન તો કહ્યું પણ તેને 'હેય' કહ્યો છે, એટલે કે શુભને હેય કરીને અંતર્સ્વભાવના અવલંબને શુદ્ધોપયોગ પ્રગટ કરે તો તે શુભને બાહ્યસાધન કહેવાય. શુદ્ધોપયોગનું ખરું સાધન તો અંતર્સ્વભાવનું અવલંબન જ છે.

અહીં એમ જાણવું કે મુનિને છઠ્ઠા ગુણસ્થાને શુભોપયોગ હોય છે, પણ તેના આધારે મુનિપણું ટક્યું નથી; મુનિપણું તો તે વખતે પણ અંતરસ્વભાવના અવલંબને થયેલી વીતરાગી સ્થિરતાથી જ ટક્યું છે.

મુનિપણું તે સંવર-નિર્જરારૂપ છે ને શુભોપયોગ તો આસ્રવ છે. મુનિ તે શુભરાગને હેય જાણે છે. જે શુભરાગને ઉપાદેય માને તેને સાચું મુનિપણું હોતું નથી.

જીવની પરિણતિના ત્રણ પ્રકાર છે : શુદ્ધપરિણતિ, શુભપરિણતિ અને અશુભ-પરિણતિ. તેમા મુનિને મુખ્યપણે શુદ્ધપરિણતિ તથા ગૌણપણે શુભપરિણતિ હોય છે, તેની વાત ઉપર કરી. હવે, અશુભપરિણતિ તો મુનિને હોતી જ નથી–એમ કહે છે

મુનિઓને તીવ્રકષાયના ઉદયનો તો અભાવ છે, તેથી હિંસા વગેરે અશુભોપયોગની પરિણતિનું તો તેમને અસ્તિત્વ જ રહ્યું નથી. જોકે સૂક્ષ્મ કરણાનુયોગની અપેક્ષાએ તો શાસ્ત્રમાં છઠ્ઠા ગુણસ્થાને પણ આર્ત્તધ્યાનના અશુભપરિણામ હોવાનું કહ્યું છે. કોઈ મુનિને ક્યારેક તેવા અશુભપરિણામ થઈ જાય છે. પણ અહીં સામાન્યપણે વાત કરી છે. સામાન્યપણે તો મુનિઓને અશુભપરિણતિ હોતી જ નથી. મુખ્યપણે મિથ્યાદૃષ્ટિને જ અશુભપરિણતિ ગણવામાં આવી છે.

સમકિતી ગૃહસ્થને શુભપરિણતિની પ્રધાનતા હોય છે ને અશુભપરિણતિ ગૌણપણે હોય છે. મુનિઓને શુદ્ધપરિણતિ મુખ્ય હોય હોય છે ને શુભપરિણતિ ગૌણપણે હોય છે, અશુભપરિણતિ તો તેમને ગણી જ નથી. એ પ્રમાણે મુનિની અંતરંગદશાનું સ્વરૂપ કહ્યું. તેવી અંતરંગદશાપૂર્વક બહારમાં કેવી દશા હોય છે?—તે હવે ઓળખાવે છે.

ઉપર કહી તેવી અંતરંગદશા થતાં મુનિ બાહ્યમાં દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે. મુનિની બાહ્યમુદ્રા પણ ઉપશાંત...ઠરી ગયેલી...સૌમ્ય હોય છે. શરીરનાં બધાં અંગો વિકારરહિત ઉપશાંત થઈ ગયાં છે. મુનિને શરીર ઉપર વસ્ત્ર હોતાં નથી તેમજ શરીર-સંસ્કાર વગેરે વિક્રિયા તેમને હોતી નથી. જુઓ! અંતરંગદશા સહિતની આ વાત છે.

અંતરમાં ત્રણકષાયનો નાશ થઈને શુદ્ધોપયોગરૂપ વીતરાગી મુનિદશા પ્રગટે, ત્યાં બહારમાં શરીરની દિગંબર સૌમ્યદશા ન થાય–એમ બને નહિ. પણ, અંતરંગમાં શુદ્ધોપયોગરૂપ મુનિદશા પ્રગટ્યા વગર એકલું બહારનું દિગંબરપણું હોય તેને કાંઈ મુનિદશા કહેવાય નહિ. માટે, અંતરંગ અને બાહ્યદશાનો મેળ જેમ છે તેમ ઓળખવો જોઈએ.

(ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :—

રાજકોટનિવાસી ડૉ. બળવંતરાય હીરાચંદ પારેખ (–તે સ્વ. બ્ર. ઇચ્છાબેનના ભાઈ) (વર્ષ–૯૩) તા. ૧૬-૫-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો રસ હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

એડનવાળા સ્વ. શ્રી જયંતિલાલ મનસુખલાલ મોદીના ધર્મપત્ની વીણાબેન (વિજુબેન) (–તે સ્વ. પ્રમુખશ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સુપુત્રી) તા. ૨૯-૫-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રી વિરેન્દ્રભાઈ પ્રવીણચંદ્ર ડગલી (–તે શ્રી હિંમતભાઈ ડગલીના ભત્રીજા) (વર્ષ–૫૨) તા. ૮-૬-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બગસરાનિવાસી (હાલ–પૂના) શ્રી નાનાલાલભાઈ વિઠ્ઠલદાસ પારેખ (–તે સ્વ. શ્રી જગજીવનદાસ બાઉચંદ દોશી, સાવરકુંડલાના જમાઈ) (વર્ષ–૮૮) તા. ૮-૬-૦૮ના રોજ પૂના મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા કેટલા સમયથી સોનગઢ રહીને તત્ત્વનો લાભ લેતા હતા અને સોનગઢમાં જ અંતિમ સમય સુધી રહેવાની ખૂબ ભાવના હતી.

પાલનપુરનિવાસી (હાલ–મુંબઈ) શ્રી ડાહ્યાભાઈ સી. મહેતા (નિવૃત્ત જજ) (વર્ષ–૯૬) તા. ૨૪-૬-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે? જો આ ભવ વ્યર્થ ગુમાવ્યો તો ફરી આવો ઉત્તમ યોગ ક્યારે મળશે? તું વિપરીત માન્યતા છોડવા માટે મરણિયો પ્રયત્ન કર. મરીને પણ તું પ્રયત્ન કર એટલે કે ગમે તેવા પ્રસંગો હોય મિથ્યાત્વ છોડવાનો ઉગ્ર પ્રયત્ન કર. શાતા–અશાતામાં તું રોકાઈ ગયો પણ એ તો તારાથી ભિન્ન છે. હમણાં અનુકૂળતા નથી માટે પછી પ્રયત્ન કરીશ–એમ તું અટકી ગયો પણ શાતા–અશાતાથી તો તું ભિન્ન છો. શરીરમાં રોગ–નિરોગ હો પણ તે તો તારાથી ભિન્ન છે. અરે! શુભાશુભ ભાવોથી પણ તું ભિન્ન છો. શુભાશુભ ભાવો તો આકુળતામય છે. ભગવાનની ભક્તિ–પૂજા–સ્મરણ કે શાસ્ત્રરચના–વંદના એ બધાં શુભભાવો તો આકુળતામય છે, પ્રભુ તો તેનાથી ભિન્ન નિરાકુળ જ્ઞાયકપ્રભુ છે.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૩૦ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૮, ગુરુવાર તા. ૧૦-૭-૨૦૦૮ થી અષાઢ સુદ ૧૫, શુક્રવાર તા. ૧૮-૭-૨૦૦૮—નવ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક મનાવવામાં આવશે.

**મહાવીરશાસન જયંતી :**—અષાઢ વદ એકમ મહાવીર ભગવાનના દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે આ પર્વ તા. ૧૯-૭-૨૦૦૮ શનિવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**રક્ષાબંધનપર્વ :**—શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૬-૮-૨૦૦૮, શનિવારના દિવસે પૂજા-ભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

### ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૫મી જન્મજયંતી (તા. ૧૪-૮-૨૦૦૮ થી તા. ૧૮-૮-૨૦૦૮)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૫-૮-૨૦૦૮, મંગળવારથી તા. ૨૪-૮-૨૦૦૮, રવિવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

સમસ્ત ગુજરાત મુમુક્ષુવૃંદ દ્વારા

*અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી*

*પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની*

# ૯૫મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓની ૯૫મી જન્મજયંતી આ વર્ષે સમસ્ત ગુજરાત મુમુક્ષુવૃંદ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૫મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૪-૮-૨૦૦૮, ગુરુવાર થી તા. ૧૮-૮-૨૦૦૮, સોમવાર–પાંચ દિવસ સુધી શ્રી રત્નત્રય મંડલ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૫-૮-૨૦૦૮થી તા. ૨૪-૮-૨૦૦૮—વીસ દિવસ સુધી ચાલનાર (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ–ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૨૦-૮-૨૦૦૮ને અષાઢ વદ ૨ રવિવારના રોજ રાખેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ દ્રવ્યનું એવું લક્ષ થવું જોઈએ કે એને એનો પક્ષ છૂટે જ નહિ. હજુ અનુભવ થયો નથી પણ નિશ્ચયનયનો એવો પક્ષ આવ્યો છે કે અનંતકાળમાં એવો પક્ષ આવ્યો જ ન હતો. પૂર્વે સમ્યક્ત્વ કદી થયું નથી એમ ન કહેતાં ત્યાં (ગાથા ૧૧ના ભાવાર્થમાં) નિશ્ચયનયનો પક્ષ કદી આવ્યો નથી એમ કહ્યું છે ને! દ્રવ્યલિંગી પૂર્વે થયેલો ત્યારે પણ એને દ્રવ્યનું એવું લક્ષ નહોતું થયું. આમ, ધારણામાં તો દ્રવ્ય આવું છે એમ તો આવ્યું હતું પરંતુ એની વાત નથી. આ તો દ્રવ્યનું એવું અપૂર્વ લક્ષ થઈ જાય કે એનો એને પોતાને જ ખ્યાલ આવી જાય છે. ૪૪૯.

❀ શ્રોતા :—આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય કે જ્યારે થવાની હોય ત્યારે થાય?

પૂજ્ય ગુરુદેવ :—જ્યારે આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય પણ એ થવાની હોય ત્યારે જ થાય છે. જ્યારે કરવા ધારે ત્યારે થાય એટલે સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આદિ પાંચે સમવાય સાથે જ હોય. કાળલબ્ધિનો નિર્ણય કરનારો પુરુષાર્થ જાગે ત્યારે નિર્ણય થાય. ૪૫૦.

❀ 'પ્રત્યેક આત્મા પરમાત્મસ્વરૂપ જ છે' એમ કહીને દ્રવ્યબુદ્ધિ કરાવીને પર્યાયબુદ્ધિ છોડાવી છે. દરેક આત્મા એટલે કે અનંત કાળે પણ સિદ્ધ નહીં થનાર અભવ્ય અને ભવ્ય બધા આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. વસ્તુસ્વભાવ જ એવો છે. કેવળજ્ઞાન જ નિજ સ્વભાવ છે. એમ કહીને કહે છે કે આખી દુનિયાને એક બાજુ રાખીને, રાગને પણ એક બાજુ રાખીને તથા જેની અસ્તિ છે એવી એક સમયની પ્રગટ અવસ્થાની પણ રુચિ છોડી દે! એ બધું છે પણ એને ઓળંગી જઈને ત્રિકાળી જ્ઞાન સ્વભાવની રુચિ કર. ૪૫૧.

❀ ભગવાન આત્મા પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે અર્થાત્ પર્યાયમાં પર્યાયનો તથા ત્રિકાળીનો સ્પષ્ટપણે અનુભવ છે તોપણ, એક સમયના આનંદના અનુભવથી ઉદાસીન વર્તે છે ને ત્રિકાળી તરફ ઝુકી જાય છે, માટે અવ્યક્ત છે. વિકલ્પ, નિમિત્ત કે સંયોગની અપેક્ષા વિના પોતે પોતાથી જ પોતાને બાહ્ય-અભ્યંતર અનુભવે છે. બાહ્ય એટલે એક સમયની આનંદની પર્યાયને અનુભવે છે અને અભ્યંતર એટલે ત્રિકાળી ધ્રુવતત્ત્વ તેને પણ સ્પષ્ટ અનુભવે છે. ત્રિકાળી પોતે વેદનમાં આવતો નથી પણ ત્રિકાળીનું જ્ઞાન અનુભવમાં આવે છે. એ રીતે બાહ્ય-અભ્યંતર પ્રત્યક્ષ અનુભવાતો હોવા છતાં એક સમયના આનંદની પર્યાયમાં રોકાતો નથી પણ તેનાથી ઉદાસીનપણે વર્તતો થકો ત્રિકાળી તરફ ઝુકે છે. પ્રગટ આનંદની વ્યક્તદશાથી ઉદાસીન વર્તતો હોવાથી ભગવાન આત્મા અવ્યક્ત છે. ૪૫૨.

આત્મધર્મ
જુલાઈ,-૨૦૦૮
અંક-૧૧ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# 卐 હું સ્વભાવથી જ જ્ઞાયક છું 卐

હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પરંતુ કર્તા–કર્મ, સ્વ–સ્વામી આદિ સંબંધો જ નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ–નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક–અઠીકરૂપ નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું. અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. ત્રણ લોકના નાથ તે વિનય કરવાયોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણ લોકના નાથ પણ વિશ્વમાં–જ્ઞેયમાં આવે છે અને હું જ્ઞાયક છું. આખું વિશ્વ તે જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ અને હું તેનો સ્વામિ એવો સ્વ–સ્વામી સંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા–કર્મ સંબંધ પણ વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય–જ્ઞાયક સંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય છું, તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662